# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**
"સમૃધ્ધિ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તા: ૦૬/૦૧/૨૦૧૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## રોડ સેફટી માટે જનજાગૃતિ જરૂરી છે.

શહેરમાં ૨૧ મા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ટ્રાફિક નિયમન અને રોડ સેફટી અંગે વિશાળ જનજાગૃતિ આપનારા સેમિનાર 'રોડ સેફટી,ઓડિટ એન્ડ રીવ્યૂ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સુરતના મ્યુનિસિપલ કમિશ્નર કુ.એસ.અપર્ણા તથા અતિથિવિશેષ તરીકે જોઈન્ટ કમિશ્નર ઓફ પોલીસ શ્રી સંજય શ્રીવાસ્તવ અને ખાસ મહેમાન તરીકે જિલ્લા શિક્ષણ અધિકારી ડો.કે.આર. ઝાંઝરૂકિયા અને આરટીઓ શ્રી જે.એન.વાઘેલા ઉણસ્થિત રહયા હતા.સેમિનારના મુખ્ય વકતા તરીકે એસવીએનઆઈટીના પ્રો.ડો.એન.સી.શાહે માહિતીપ્રદ વકતવ્ય રજૂ કર્યુ હતું.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ આમંત્રિત મહાનુભાવોનું સ્વાગત કરતાં પોતાના વકતવ્યમાં રોડ સેફટીના મુદદાને અતિ મહત્વનો ગણાવ્યો હતો. તેમણે કહયું હતું કે,આ મુદદે ત્રણ 'ઇ'નું મહત્વ છે.એન્જીનીયરીંગ,એન્ફોર્સમેન્ટ અને એજયુકેશન. આજના વકતાઓ આ બધા ક્ષેત્રો સાથે સંકળાયેલા હોવાથી આજની ચર્ચા અને રોડ સેફટીની સમિક્ષા ઉપયોગી નિવડશે.તેમણે માર્ગ અકસ્માતથી થતા મૃત્યુને ગંભીર અને કરૂણ ગણાવ્યુ હતું. દેશમાં અને રાજયમાં થતા રોડ અકસ્માતોની સરખામણીમાં સુરત શહેરમાં થતા અકસ્માત મૃત્યુના પ્રમાણને ચિંતાજનક ગણાવ્યું હતું.ચેમ્બરે આ બાબતને પ્રાથમિકતા આપીને ટ્રાફિકસેલની રચના કરી છે અને ટ્રાફિક નિયમોના પ્રચાર પ્રસાર માટે તમામ સહયોગ આપવાની તૈયારી પણ તેમણે દર્શાવી હતી.

સુરત શહેરમાં ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટની રચના અને સુરત મનપાએ પબ્લિક ટ્રાન્સપોર્ટ મુદદે કરેલી પહેલથી એ દિશામાં સારૂ કામ થઈ શકશે એવી આશા પણ તેમણે વ્યકત કરી હતી.

સેમિનારના મુખ્ય વકતા ડો.એન.સી.શાહે વિસ્તૃત પ્રેઝન્ટેશન સાથે રોડ સેફટીની છણાવટ કરી હતી.તેમણે કહયું હતું કે, ભારતમાં સિવિલ એન્જીનીયર્સ છે પરંતું ટ્રાન્સપોર્ટ એન્જીનીયર્સ નથી કેમકે રોડ સેફટીને તો સાવકાપુત્ર જેવું સ્થાન મળ્યું છે.મોટાભાગના અકસ્માતોમાં સામાન્ય રાહદારી જ ભોગ બને છે.રોડ સેફટીની જવાબદારી નકકી જ નથી થઈ શકતી.તેમણે રસ્તાઓના પ્રકારો અને રોડ સેફટી અંગે અનેક મહત્વના સુચનો પણ કર્યા હતા.અકસ્માતને ટાળવા માટે ઘ્યાનમાં રાખવાની બાબતો પર પણ તેમણે પ્રકાશ ફેંકયો હતો.

આરટીઓ શ્રી જે.એન.વાઘેલાએ પોતાના પ્રેઝન્ટેશન ઘ્વારા કોમ્પ્યુટરાઈઝડ લર્નિંગ લાઈસન્સ પઘ્ધતિની જાણકારી આપી હતી અને એમને મળેલા પ્રતિસાદ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.ઓનલાઈન પરીક્ષા આપવાની જોગવાઈનો ઉપયોગ કરવા તેમણે અપીલ કરી હતી.

અતિથિ વિશેષ શ્રી સંજય શ્રીવાસ્તવે રોડ સેફટીના મુદદાને મહત્વનો ગણાવતાં કહયું હતું કે,રોડ એકિસ્ડેન્ટથી થતાં મૃત્યુથી ઘરના કમાનારી વ્યકિતની ખોટ તો પડે જ છે ઉપરાંત એને કારણે જતી ખોટનો આંકડો જીડીપીના ૩ ટકા જેટલો થાય છે.તેમણે આ મુદદાની ગંભીરતા સમજાવતાં કહયું કે,ભારતમાં દર છ મિનીટે એક મૃત્યુ માર્ગઅકસ્માતથી થાય છે.તેમણે કહયુ કે અકસ્માત ટાળવા માટે ઝડપ,નશો અને વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવો જોઈએ તેમ જ હેલ્મેટ અને સીટબેલ્ટ જરૂરી છે.સરકારી ખાતાઓમાં આ મુદદે સંકલન જરૂરી છે.

સેમિનારના મુખ્ય મહેમાન કુ.એસ.અપર્ણાએ રોડ સેફટી વીક દરમિયાન આ સેમિનાર યોજવા બદલ ચેમ્બરના પ્રયાસને બિરદાવ્યો હતો અને કહયું હતું કે,રોડ સેફટીનો મુદદો ગંભીરતા માગી લેનારો છે.એમાં જેટલું મહત્વ એન્જીનીયરીંગ અને એન્ફોર્સમેન્ટનું છે એટલું જ મહત્વ એજ્યુકેશનનું છે.એ માત્ર શાળાના વિદ્યાર્થીઓ માટે નહી પરંતું અધિકારીઓ અને વાલીઓ માટે પણ જરૂરી છે.તેમણે કહયું કે શહેરમાં રાહદારીઓ માટે ફૂટપાથ જરૂરી છે અને મળવી જોઈએ પરંતું ફૂટપાથનો ઉપયોગ ફેરિયાઓ અને દુકાનદારો જ વધુ કરે છે.તેમણે સીટી બસ સેવાને વધુ વિકસાવવા અને બીઆરટીએસથી થનારા ફાયદાની જાણકારી પણ આપી હતી.

ચેમ્બર અને સુરત પોલીસ ઘ્વારા ટ્રાફિક જાગૃતિ અંગેની એક ટૂંકી ફિલ્મ દર્શાવવામાં આવી હતી.

ચેમ્બરના માનદમંત્રીશ્રી હેતલ મહેતાએ આભારવિધિ આટોપી હતી.